અંગ્રેજી યોગ જ્ઞાન.

(અથવા)

મિસમેરિઝમ્

ગુજરાતી ભાષામાં.

છપાવી પ્રગટ કરનાર.

ત્રવાડી ઇન્દ્રજી ભગવાનજી પ્રભાસકર.

અમદાવાદ.

" વિજયપ્રવર્તક " પ્રેસ.

શકે. ૧૮૧૫ — સં. ૧૯૫૦.

કિંમત બે આના.

આ પુસ્તક મુંબઈમાં પં. જ્યેષ્ઠારામ

મુકુન્દજીની દુકાનેથી મળશે.

અમદાવાદ—બુ૦ મોહન રામચંદ્ર ભગુભે પાસેથી મળશે.

૫૭૧૭

અંગ્રેજી યોગ જ્ઞાન.

(અથવા)

મિસમેરિઝમ્

ગુજરાતી ભાષામાં.

છપાવી પ્રગટ કરનાર.

ત્રવાડી ઇન્દ્રજી ભગવાનજી પ્રભાસકર.

અમદાવાદ.

"વિજયપ્રવર્તક" પ્રેસ.

શકે. ૧૮૧૫ —— સં. ૧૯૫૦.

કિમ્મત બે આના.

આ પુસ્તક મુંબઈમાં પં. જયેષ્ઠારામ મુકુન્દજીની
સંસ્કૃત પુસ્તકોની દુકાનેથી મળશે.

પ્રસ્તાવના.

મિસમેરિઝમના પ્રયોગો હાલ અંગ્રેજોના સહવાસને લીધે ઘણા લોકોના જાણવામાં તથા કેટલાકોને તો અનુભવવામાં પણ આવેલા છે. પ્રાયઃ અંગ્રેજી ભણનારાઓ તે ભાષાના પુસ્તકો ઉપરથી વાંચી એ વિદ્યા સંબંધીનું જ્ઞાન મેળવે છે, પરંતુ ગુજરાતી ભાષા વાંચનારાઓને માટે મારા ધારવા પ્રમાણે તેનાં પુસ્તકો એક કે બેજ તેમજ કિંમતમાં પણ ગરીબોથી લેઇ શકાય નહીં તેવાં હોવાને લીધે કેવળ આ અંગ્રેજી યૌગિક પ્રયોગો તેના અધિકારીઓને અર્થે શાદી અને સરળ ભાષા તથા ટુંકસાર તેમજ અલ્પ વિસ્તારના પુસ્તકથી એક હિંદુસ્તાની ભાષાના તત્સંબંધી પુસ્તકનાં ભાષાંત્તર તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

આવી અને બીજી કેટલીએક અંગ્રેજોના અનુભવથી વાતો ઉપરથી ભારત વર્ષના અત્યંત ગૌરવીય, શ્લાઘ્ય, અનાધિકારીઓને અગમ્ય એવા એવા સહસ્ત્રશઃ મંત્રો અને તાંત્રિક ક્રિયાઓનાં જે અદ્દભુત ક્રિયા ફળાદેશ વિગેરે ઉપર તે વિષયથી અજ્ઞ અને અંગ્રેજીના ફેશનીઓ તરફથી જે બેવિશ્વાસ બતાવવામાં આવે છે તેનું શુજ્ઞ વાંચકોના અંતઃકરણમાં નીરાકરણ થશે.

આ પ્રયોગો તેની શ્રેષ્ઠતાને અર્થે નથી પ્રસિદ્ધ કરવામાં આવ્યા પરંતુ મંત્રની અંદર રહેલી શબ્દશક્તિ વિષે નહીં સમજનાર તથા તાંત્રાદિક ક્રિઆઓના અનુભવી અંગ્રેજી ભણેલા તેમજ બીજા જે તેમના પક્ષના લોકો છે તેમને સપક્ષમાં ચાલતા અનુકરણિક

પ્રમાણુથી આ તરફ દૃષ્ટિ વળાવવા અર્થેજ છે.

સાથે સાથે આપણુ જાણુવું જોઇએ કે આર્યમહર્ષિઓની અત્યંત દુર્ઘટ તેમજ અનેક રીતે વિપુલ ફળદાયક યોગ ક્રિયાને સામે આતો એક અજ્ઞ બાળકની ક્રિડા ઉપહાશ છે.

તોપણુ પ્રયોગ કરનાર માણુસે બરોબર પોતાની શક્તિ જોઇ પ્રયોગ કરવો નહિ તો પાછળથી વિચારવા જેવું થઇ પડે.

અનુવાદક.

श्रीहरिः

અંગ્રેજી યોગજ્ઞાન.

(મિસ્મેરિઝમ્.)

મસમેરિઝમ વિધાના બે પ્રકાર છે. એકતો ક્યુરેટિવ અને બીજો **ફિનોમિનેલ.** "ક્યૂરેટિવ" નામ એ શક્તિનું છે કે જેવડે રોગ નિવારણ થઇ શકે છે. અને "ફિનોમિનેલ" એને કહેછે જેનાથી ઘણાક અલૌકિક વ્યાપારો સિદ્ધ થાય છે. હમે પણ આ બે વિધાઓના ગુણાનુંસાર શાંકેતિક શબ્દ બનાવીએ છીએ. "રોગનિવારક" અને "અલૌકિક વ્યાપાર સાધક" આ બે વિધાની અંદર પરસ્પર વિલક્ષણ સંબંધ છે. એક વિધાનો પારદર્શી થવાથી બીજી વિધામાં પણ તેનો અનાયાસે પ્રવેશ થાય છે. એક વિષયનું કાંઇ થોડું પણ જ્ઞાન હોવાથી બીજી વિધામાં શહેલાઇથી પ્રાપ્ત થાયછે. પરંતુ ચમત્કાર એટલો છે કે જે **પ્રયોજક રોગનિવારણાંશમાં** સમર્થ હોય તે **અલૌકિક** વ્યાપાર નામના દ્વિતિયાંશમાં અસમર્થ હોય છે; તેમજ જે **અલૌકિક વ્યાપારમાં** સામર્થ્યવાન હોય છે. રોગ નિવારકાંશમાં અશક્તજ માલમ પડે છે. ક્વચિત કોઇ ઉધોગિઓ બન્ને અંશમાં પારંગત પણ હોય છે. પરંતુ પ્રાયઃ તે બન્ને અંશ એકની પાસે ક્વચિત માલમ પડેછે. આ પુસ્તકમાં રોગ નિવારકાં-

શનું વર્ણન કરવામાંથી તે વળી કોઇ બીજા સમયે વાંચનારોની સગક્ષ આપવામાં આવશે. અત્રતો **"અલૌકિક વ્યાપાર સાધકનુંજ** વર્ણન કરવામાં આવેલું છે.

સર્વ શકિતમાન પરમેશ્વરે મનુષ્ય શરીરમાં અચિંત્ય અને આશ્ચર્યકારક શક્તિનું બીજ રોપણ કર્યું છે. જેવડે કરીને માણસ પોતાનુ આત્માની ઉન્નતિ અને પરોપકાર કરી શકે. જેવી રીતે આંખેથી દેખવું, કાનેથી સાંભળવું, પગથી ચાલવું, હાથથી પકડવા વીગરેની ક્રિયા થાય છે, એજ પ્રમાણે ઇચ્છાશક્તિ તેમજ મનની એકાગ્રતાથી પરોક્ષ દર્શિતા (આકાશવાણી) અને ભાવૈક્ય પ્રાપ્તી થાય છે. જો કદાપી આપણે પરોક્ષવાત જાણી લઇએ તથા બીજાના હૃદયની વાત જાણવાની પણ જો આપણામાં શક્તિ આવે તો આપણામાં હજારો પ્રકારના ઊપકારો થઇ શકવાનો સંભવ છે. ઘણા લોકો એમ જાણેછે કે મિસમેરિઝમ ઠગાઇ છે તે તેમનું સમજવું ભૂલ ભરેલું છે. એવું કદાપી પણ નથી થઇ શકતું કે ઠગાઇથી પરોક્ષદર્શિતા તથા પરહૃદયની વાત જાણવામાં આવે. પરંતુ તે કોઇ યુકિતથી (મિસ્મેરિઝમથી) જાણવામાં આવે છે. આવી ક્રિઆઓ પ્રાઃચિન સમયમાં ભારત વર્ષમાં પૂર્ણપણે પ્રચલિત હતી તે આવા ક્ષુદ્રરૂપથી નહીં પરંતુ પૂર્ણ સુધરેલી અને ઉત્તમ અવસ્થામાં હતી. આર્ય મહર્ષિઓ યોગ બળથી સકળ બ્રહ્માંડને હસ્તા મલક દેખતા હતા. હાલ કાળ બળથી એવો યૌગિક સમય બદલાઇ ગયો છે તો પણ પ્રયત્નવાન પુરૂષ તે વિદ્યાનો કોઇ પણ અંશ પ્રાપ્ત કરી શકે છે. **મનોયોગ** એ એક એવી વસ્તુ છે જેનાથી ગુઢ વાતો જાણી શકાય છે. જેવી રીતે તમે કોઇ પુસ્તક વાંચતા હો અને એનું તાત્પર્ય

તમારી દ્રષ્ટિમાં બરોબર ન આવે એટલે વળી બીજીવાર જરા ધ્યાન દેઇને વાંચવાથી તાત્પર્ય ધ્યાનમાં આવે છે ધ્યાન દેવું એનું નામજ **મનોયોગ** છે. કોઇ દૂર સ્થાનપર ગાયન થઇ રહ્યું છે, તમને તેની અવ્યક્તો ધ્વનિ સંભળાય છે પરંતુ સ્પષ્ટ નહિં, જરાક મનોયોગ કરવાથી વળી બે ચાર શબ્દ સ્પષ્ટ સંભળાય છે, પુનઃ મનોયોગ કરવાથી સમસ્તવાક્ય સાંભળવામાં આવે છે, વળી બીજીવાર થોડો મનોયોગ કરવાથી ગાયનના અર્થ વિષેનું પણ જ્ઞાન થવા લાગે છે. એવીજ રીતે એનાં અનેક દ્રષ્ટાંતો છે અને એથી એવું જણાય છે કે મનોયોગથી, સર્વ પદાર્થોનું જ્ઞાન થાય છે. વળી જો તમારૂં ચિત્ત કોઇ બીજા પદાર્થ પર હોય અને કોઇ કંઇ કહેતો તે તમારા બીલકુલ સાંભળવા તેમજ સમજવામાં નહિં આવે અને તુરતજ તમે કહેશો કે હાં શું કહ્યું. ફરીને કહોતો મારૂં મન બીજી વસ્તુમાં હતું. આ વાત ઉપરથી તમારા સમજવામાં આવ્યું હશે કે **મનોયોગથી** જ્ઞાન ઉત્પન્ન થાય છે, અને મનોયોગનું કારણ મનની એકાગ્રતા છે. એને પણ કોઇ ઉદાહરણથી સમજશો તો ઝટ માલમ પડશે. વારૂ જુઓ આપણે ઉદાહરણ લેઈએ કોઇ પાઠને યાદ રાખવાની તમારી ઈચ્છા હોય અને તે માટે સો પચાસ વાર તેનો કેવળ પાઠ કરી જાઓ અને તેનાથી જે ફળ થશે તેજ ફળ ચાર વાર લખવાથી થશે કારણ એમ છે કે આવૃત્તિ કરવા કરતાં લખવામાં મનને ઘણું એકાગ્ર કરવું પડે છે. હવે જ્યારે મનોયોગથીજ સર્વે વાતો જાણવામાં આવે છે એમ જ્યારે જણાય છે ત્યારે એમ પણ માનવું જોઈએ કે દઢ મનોયોગથી પરોક્ષદર્શિતા પણ પ્રાપ્ત થાય છે એમાં કંઇ સંદેહ નથી. આ જગાએ તેની સત્યા સત્યપણાનો વિચાર

સંકોચને લીધે કરવો છોડી દેઈ કેવળ તેના પ્રયોગના નિયમોનોજ સંગ્રહ કરવામાં આવે છે કે જેથી કરીને સર્વ કોઇ પરિક્ષા કરી તેનું સત્યા સત્ય જોઇ શકે. આ વિષયમાં જાતિ, કુલ, ધર્મ કોઇનું પણ બંધન નથી. અથવા સિવિલ સર્વિસ, મિડલ ઇટ્રેંસ, બિ. એ પ્રભૃતિ કોઇ પરિક્ષાનો નિયમ નથી પરંતુ તે માણુસ ચાહે તે આ પ્રયોગ કરી શકે છે.

હવે નીચેના ત્રણ શબ્દોના સંકેતોને સારી પેઠે સમજી નિશ્ચે યાદ રાખો (૧) પ્રયોક્તા (૨) પ્રયોજય, (૩) પ્રયોગ. **પ્રયોકતા** એને કહે છે જે મિસમેરિઝમ, કરવા વાળો છે. **પ્રયોજય** એને કહે છે જેના ઊપર પ્રયોગ કરવામાં આવે છે. પ્રયોગ એને કહે છે જે ક્રિયા દ્વારા આ વિદ્યા સબંધી સર્વ વ્યાપાર સિધ્ધ થાય છે.

ઊપક્રમ (આરંભ.)

કોઇ એક પુરૂષ બીજા માણુસને સ્વાધિન તથા બેહુશ કરે તેમાં એકા એક કોઇને વિશ્વાસ આવે તેમ નથી પરંતુ કૌતુક વશ થઇને કેટલાક ઉત્સુકો ભાગી તુટીક્રિયા કરતાં કરતાં સારી રીતે જ્ઞાન મેળવી પરિણામે પ્રયોકતા થાય છે. માટે ઊધોગી પુરૂષ કેટલોક કાળ ભોગ કરી સિદ્ધ થાયછે. મિસમેરીઝમનું સ્વરૂપ કેવું છે તે નીચે સમજાવીએ છીએ.

પ્રત્યેક માણુસના શરિરમાં એક પ્રકારની વિધુત શકિત (એલેકટ્રેસિટી) છે એના પ્રભાવથી શકિત કલ્પના થાય છે. આ વિધુત શકિત અને ઇચ્છા શકિત એકજ પદાર્થ છે, ઇચ્છા શકિતની પ-

રિયાસનાને અર્થે સાધન કરવું પડેછે. એ સાધન કેવળ મનોયોગ છે. અર્થાત મનની અંદર ઘણીવાર સુધી સર્વ પ્રકારના સંકલ્પો છોડી એકજ ભાવનાનું ચિંતવન કર્યા કરવું. એમ કરવાથી તમે બીજા પુરૂષને મુગ્ધ કરી શકશો, પરલોક ગત આત્માનું આવાહન કરી શકશો, પરોક્ષ વૃત્તાંતો જાણી શકશો, અને બીજા પણ આશ્ચર્યકારક વ્યાપારો સિદ્ધ કરી શકશો એ માટે તમારે પ્રથમ **મનોયોગનો** અભ્યાસ કરવો જોઇએ. યદ્યપિ **મનોયોગજ** ઇચ્છાશક્તિનું પરિચાલન કરનાર કારણ છે તથાપિ તેનાં બે બીજાં સહકારી કારણો પણ છે. એનો પણ અભ્યાસ કરવો જોઇએ. એકનો "દૃઢદૃષ્ટિ" અને બીજો પાસ અથવા જેને આપણા લોકો "ઝાડા ઊતારવો ઊંજણી" વીગેરે કહે છે તે દૃઢ દૃષ્ટિની રીત એમ છે કે ઘણી વાર પર્યંત નિર્નિમેષ દૃષ્ટિથી એકજ પદાર્થના સામું જોઇ રહેવું. આનું પણ ધીરે ધીરે સાધન કરવું જોઇએ. હવે "પાસ અથવા ઊંજણી" બે પ્રકારની છે ૧ પ્રવર્તક ૨. નિવર્તક; પ્રથમ પાસદ્વારા પાત્રના શરીરમાં ક્રિયા પ્રવેશ થાયછે, અને બીજો પાસ તમારી પ્રવેશ ક્રિયાને નિવૃત્ત કરનાર છે. જે પુરૂષને સાધન દ્વારા આશક્તિત્રયનો અભ્યાસ થયેલો છે તેને પૂર્ણ **પ્રયોક્તા** સમજવો. એને પ્રયોગ કરવાનાં પાત્રો રાવણ અથવા ભીમસેન જેવાં ઉગ્ર હોયતો પણ તેને તે મુગ્ધ અને સ્વાધીન કરી શકે છે હવે પ્રયોક્તા, પ્રયોજ્ય અને પ્રયોગ સંબંધી ઉપયોગી બાબતો લક્ષણ સહીત નીચે લખીએ છીએ.

પ્રયોક્તાઃ—જો તમે પ્રયોક્તા થવા ઇચ્છતા હોય તો નીચે લખેલા નિયમોનું પાલન કરવું તમારે આવશ્યક છે.

૧. "તમને એવો દૃઢવિશ્વાસ જોઇએ કે" હું આવું કરી

શકીશ. જો કિંચિત પણ સંદેહ હશે તો કાર્ય સફળ નહિં થાય, એનું કારણ એ કે વિશ્વાસમાં તમારૂં મન સબળ રહેશે, એકાગ્રહ અને તેની શક્તિ વધશે. અને લગાર પણ સંદેહથી (કરીએ તો પણ કોણ જાણે થાયકે ન થાય) મનદુર્બળ થઇ જશે અને ઇચ્છા શક્તિ શિથિલ થઈ ગઇ એટલે કંઇ બનવાનું નહિં.

૨. અધ્યવસાય જોઇએ અર્થાત્, કદાપી પાત્રને મુગ્ધ કરતાં વિલંબ થાયતો હિમ્મત છોડી નિરાશ ન થાઓ અને બીજા પાત્ર ઉપર પ્રયોગ કરો.

૩. કોઇની પાસેથી કંઇ ધન લેવાની આશાથી અથવા મનનો કોઈ બીજો પાપી સંકલ્પ સિદ્ધ કરવાની અભિલાષથી પ્રવૃત થશો નહિં. કેમકે આ એક ઇશ્વરીય નિયમ છે કે માણસોમાં જે વશિકરણ શક્તિ છે ને ઉપકારને અને હિતને અર્થે છે, તેમ છતાં કદાપી દુર્ભાવના વડે કોઇને મુગ્ધ અથવા વશ કરવા ચહાશો તો તે કોઇ દિવસ બનશે નહિં.

૪. પોતાની બહાદુરી બતાવવાને તેમજ લોકમાં પ્રશંસા પામવાને અર્થે પણ પ્રયોગ ન કરવો, કેમકે એમ કરવાથી અભિમાન વધી જવાથી પ્રયોગ સંબંધી કેટલીક શક્તિનો નાશ થાય છે.

૫. કેવળ પરમેશ્વરની અચિંત્ય શક્તિનું જ્ઞાન થવા અર્થે તેમજ પરોપકાર અર્થે પ્રયોગ કરો.

૬. ખેલ તમાસાને માટે પણ પ્રયોગ ન કરો કેમ કે વિદ્યાની માન રક્ષા તેમજ ગૌરવ ઉપર દ્દષ્ટિ રાખવી જોઈએ.

૭ જ્યાં સુધી તમે પૂર્ણ પ્રયોક્તા ન થાઓ અને પાત્ર તમારે સ્વાધીન સંપૂર્ણ પણ ન થાય ત્યાં સુધી સભાની અંદર પ્રયોગ

કરશો નહિં. કેમકે જો પ્રયોજ્ય ઠેકાણા વીનાનો તેમજ લોકોને કહેવા સાંભળવામાં કંઇ ફેર પડી જશે તો પછી તમે સહસ્રશ; ઉપાયોથી પણ કૃતકાર્ય નહિં થાઓ. પરંતુ પૂર્ણ શિક્ષિત તેમજ અભ્યાસવાન પાત્ર હોવાથી લાખો માણસોના સમુદાયમાં પણ તમે ધીર અને ગંભિર ભાવથી મોટા મોટા ચમત્કાર કરી શકશો.

૮. તમે જ્યારે પૂર્ણ સ્વસ્થ અવસ્થામાં હો ત્યારે પ્રયોગ કરો કેમકે જો તમને કદાપી કાંઈ વ્યાધિ હશે અને પ્રયોગ કરશો તો તે પ્રયોજ્યને તમારાથી ચતુર્ગુણ વ્યાધિ થઇ જશે.

પ્રયોજ્ય:—જ્યારે તમે પહેલ વહેલાંજ પ્રયોગ કરવાનો આરંભ કરો ત્યારે પ્રથમ કોઇ બાળક અથવા સ્ત્રી ઊપર પ્રયોગ કરવો, કેમકે પોતાનાથી દુર્બળ ઊપર શીઘ્ર અને થોડા પરિશ્રમથી પ્રયોગ થઇ શકે છે.

૨. પ્રયોજ્યની અવસ્થા નવ વરસની ઓછી નહોવી જોઇએ.

૩. પ્રયોજ્ય સદાચરણી, સાધુ, અપાખંડી અને અનુદ્દંડ હોવો જોઇએ.

૪. એ તમારા પ્રયોગને પોતાની ઊપર ખરા હૃદયથી અજમાવવા ચહાતો હોય. એમ નહિહોવાથી ઘણું કઠીણ પડેછે.

૫. કોઇ સળકમ રોગવાળા ઊપર તેમજ હૃદય રોગવાળા ઊપર પ્રયોગ કરશો નહિ. સળકમ રોગવાળા ઊપર પ્રયોગ કરવાથી તે રોગ તમને થઈ જશે અને હૃદય રોગવાળા ઊપર પ્રયોગ કરવાથી પાત્રને ઘણું દુ:ખ થશે.

૬. સ્ત્રી ઊપર, કાલા રંગના પુરૂષ ઊપર જેનું માથુ નાનું હોય એવા પુરૂષ ઉપર પ્રયોગ શીઘ્ર થાય છે.

પ્રયોગઃ—એને કરવાના ઘણાક પ્રકારો છે. એમાંથી સ્વાનુભૂત મુખ્ય કેટલાએક અત્ર પ્રદર્શિત કરવામાં આવે છે. પ્રથમ પાત્રને એક ખુરશી ઊપર બેસાડીને અને કેટલાકતો થોડી ઊંચી ચોકી ઉપર ઉભો કરે છે પરંતુ સર્વોતમ રીત તો આ છે કે પાત્રને પલંગ, પાટ અથવા તખ્ત ઉપર શયન ન કરાવવું. એનું મસ્તક દક્ષિણ દિશામાં રહે, વસ્ત્ર એના શરીર ઉપર વિશેષ ન હોવાં જોઇએ અને મોટાં અને કોટ વીગેરે કપડાં કદાપી પણ નજ જોઇએ. જો ગરમી વિશેષ હોયતો જે તરફથી પવન આવતો હોય તે તરફ માથું રાખી શયન કરાવવું અને એવી જગામાં શયન કરાવો કે જ્યાં સુવાથી માંકડ, મચ્છર વીગેરે પાત્રને હેરાન ન કરે. ખુલ્લામાં પણ પ્રયોગ કરવો નહિં. પાત્રના ઉપર પંખાની હવા પણ કરવી નહિં. જરૂર જણાય તો મચ્છરદાની રાખી શકશો. રાત્રીના નવ અથવા દસ વાગે પ્રયોગ કરવાનું ઠીક પડશે કેમકે તે સમયે જનાવર ઘણા હોતાં નથી. અથવા જો તમારા ઘરમાંજ પ્રયોગ કરતા હો અને ત્યાં માણસતો વિશેષ જોઇએજ નહિં. કદાપી હોય તો તે શબ્દોચ્ચાર ન કરે તેવો બંદોબસ્ત કરવો. કેમકે માણસનો શબ્દજ પાત્રના મનને વિશેષ વિચલિત કરે છે એ વાત ઉપર દૃષ્ટિ રાખીને કાર્યારંભ કરવો.

૧. હવે તમે ધીર અને ગંભીર ભાવથી જે કાર્ય કરવા પ્રવૃત થયાછો તે નિર્વિઘ્ન પૂર્ણ થાય તે માટે પરમેશ્વરની પ્રાર્થના કરી અને પાત્રની ડાબી બાજુ ઉપર બેસો જો પાત્ર કદાપી ખુરશી ઉપર બેઠેલો અથવા ઊભો હશે તો તમારે ઉભા રહીને પ્રયોગ કરવો પડશે.

૨. જો પાત્ર નવે નવુંજ હોયતો તમારે તમારા મનમાં એવી

ભાવના કરવી જોઈએ કે આ પ્રયોગ એક તમારી પાસે દૈવી શક્તિ છે કે જેનાથી તમે જલદીથી પાત્રને મુગ્ધ કરી નાંખશો.

૩. પાત્રને પણ સર્વ સંકલ્પ વિકલ્પ છોડીને પરમેશ્વરનું સ્મરણ કરવાનું કહેવું. અને તમારા પ્રયોગને તે પોતા ઉપર હોય એમ ભાવના કરવા કહો.

૪. તમે પાત્રના ડાબા હાથને પોતાના જમણામાં અને પાત્રના ડાબા હાથને પોતાના ડાબા હાથમાં એવી રીતે પકડો કે પાત્રના અંગુઠા તમારી મુઠીઓમાં રહે, અને તેમ છતાં પણ તમારા અંગુઠાનુ તલ પૃષ્ટ એના અંગુઠાના પૃષ્ટ ઉપર રહે. પછી તમે નિર્નિમેષ તીવ્ર દ્રષ્ટિથી પાત્રની દ્રષ્ટિને જુઓ.

૫. પાત્રને પણ તેની દૃષ્ટિ તમારી દૃષ્ટિ સામે રાખવાનું કહો.

૬. તમે જો કદાપી પાત્રની બન્ને આંખો ન દેખી શકો તો એકજ આંખ તરફ દૃષ્ટિ રાખો.

૭. તમારી અને પાત્રની આંખોની મધ્યે એક વેંત ભરથી વધારે અંતર ન હોવું જોઇએ.

૮. જો પાત્રે સયન કરેલું હશે તો તમારે અવશ્ય થોડુ નમવું જોઇશે. તમે ડાબી કોણી ટેકીને બેસી શકોછો અને હરકત ન હોયતો તકીઓ પણ લગાવી શકોછો. પરંતુ પાત્રના માથા નીચે તકીઓ વા ઓશીકુ રાખશો નહિ. જો પાત્રને વીના તકીએ સુઈ રહેવાનો અભ્યાસ ન હોયતો થોડુ કપડુ લપેટી નીચે રાખો.

૯. થોડીવાર પર્યંત પાત્રના અંગુઠા પકડી રાખવાથી તમારી અને પાત્રના શરીરની ગરમી સમાન થઈ જશે. ગરમી સમાન થવાને કદી દસ મિનટ લાગે છે કદી વીસકે ત્રીસ મિનટ અને કદી

બે મિનટમાં પણ થઇ જાયછે.

૧૦. હવે તમે પાત્રના બન્ને અંગુઠાને પોતાના જમણા હાથમાં પકડી લ્યો. કેટલાકો અંગુઠા છોડી દેઇને બન્ને હાથથી પાસ દેવા સરૂ કરે છે. અને કેટલાકો કેવળ ડાબા હાથથી પાસ દેવા શરૂ કરે છે. આપણા દેશમાં જે મંત્ર ભણીને ઝાડો નાંખવાની પ્રથા છે, પાસ દેવો એ પણ એનોજ પ્રકાર છે. અર્થાત પોતાના હાથને ફેલાવીને આંગળીઓ સરવે જૂદી જૂદી રાખી થોડી નમાવીને હથેલી પાત્રના શરીરના તરફ રાખી, માંથાથી તે પગ પર્યંત હાથને ધીરે ધીરે ઉતારી, જ્યાં સુધી બની શકે ત્યાં સુધી શરીરની પાસે હાથ રાખી, તમારા હાથના અને પાત્રના શરીરની વચ્ચે એક પાતળા કાગળના જેટલો અંતર અર્થાત બહુજ સુક્ષ્મ અંતર જોઇએ. પરંતુ યાદ રાખો કે હાથ શરીરને અડકી ન જાય. આ સર્વે પ્રવર્તકપાસની વાત થઇ.

૧૧. જો પાત્ર ખુરશી ઉપર બેઠો અથવા ઉભો હોય ત્યારે તમારે બે હાથથી પાસ દેવાનું થશે. બે હાથથી પાસ દેવાને વખતે બે હાથોના અંગુઠા પરસ્પર જોડી લેવાથી શ્રમ નથી લાગતો.

૧૨. પાસ દેવાનો અભ્યાસ નહિ હોવાથી દસવીસ પાસ દેતાં દેતાં તો તમે અકળાઇ જશો, એટલા માટે કોઇ લાંબા પાટીઆ ઉપર અથવા ભીંત ઉપર મનુષ્યની છબી ચિતોને અથવા મનમાં કલ્પના કરી પાસ દેવાનો ધીરે ધીરે અભ્યાસ પાડવા જોઇએ.

૧૩. હવે તમે કદાપી એવું જૂઓ કે પાત્રની આંખોમાં પાણીનાં ઝરઝરીઆં ભરાઇ આવે છે અથવા એની આંખની પાપણો જલદી જલદી ટમટમી થવા લાગે તો એ પાત્રના ઉપર પ્રયોગ કરતાં

છોડી દેવો જોઇએ; એવા પાત્રને હજારો ઉપાયથી પણ તમે મુ-ર્છિત નહિ કરી સકશો.

૧૪. જો તમારા જોવામાં એવું આવે કે પાત્રને ડોલાં આ-વવા જેવી આંખ્યો થઈ ગઇ છે અને નિદ્રા આવવા જેવો આ-વેશ થવા લાગ્યો છે તો તુરતજ તમે તમારી આંખો મીચો પાત્ર પણ તમારી સાથેજ પોતાની આંખો મીંચતો જશે તમે પુનઃ થોડી વાર પછી તમારી આંખો ઉઘાડીને જુઓ કે પાત્રની આંખો મીચે-લી છે? જો મીચેલી હશે તો તમે જેવું કહેશો તે–પ્રમાણે વર્તવાનો અધિકારી તેને જાણો અને એ પુરૂષ સર્વથા તમારા સ્વાધિનમાં થ-ઇ જશે.

૧૫. હવે તમે જલદીગીજ ઝટોઝટ પાસ દેવા લાગો પરંતુ સાવધાન રહો કે "નીવર્તક" પાસ ન લાગી જાય. અર્થાત જે પ્ર-માણે માંથાથી પગ સુધી હાથને ઉતારો છો તેજ પ્રમાણે પુનઃ પ-ગથી માંથા તરફ હાથ લેઇ જતી વેળાએ ઉલટો પાસ ન લાગે કે-મકે ઉલટો પાસ લાગવાથી તમારી બધી મહેનત ફોકટ જશે જે ક્રિયા પ્રવર્તક પાસ દ્વારા તમે કરી છે તે ક્રિયા સર્વે નિવર્તક થઇ જશે, એટલા માટે જ્યારે તમે ઉપર હાથ લેઇ જાઓ ત્યારે મુઠી વાળીને બગલના ઉપરથી લેઈ જાઓ. માથાની ઉપરની લેઇ જઇને મુઠી ખોલી દેઇ પાસ પુનઃદેતા જાઓ. જ્યારે પગના સાથે હાથ આ-વી જાય ત્યારે પુનઃ પ્રથમની પેઠેજ મુઠીવાળી બગલની બાજુએથી હાથ ઉપર લેઈ જાઓ. જ્યારે બન્ને હાથોથી પાસ દેતા હો ત્યારે તો માથાના પાસેથી મેળવેલી બંન્ને હાથો પગ પર્યંત લેઇ જઈ પુ-નઃ બંન્ને હાથની મુઠો વાળી અને બંન્ને બગલની બાજુઓથી ઉ-

જર લેઇ જાઓ. અને માથાની પાસે બે હાથ મેળવીને પુનઃ પાસ પ્રથમની પેઠેજ દેવા લાગો. આવી રીતે પાસ દેવા પ્રથમતો કેટલીક રીતે કઠણ લાગશે પરંતુ અભ્યાસ પડી જવાથી પછી કંઈ મેહેનત માલુમ નહીં પડે. માંથાથી પગપર્યંતજ પાસ દેવાનો કંઈ પ્રકારનો નિયમ નથી પરંતુ ડુંટીના ભાગ પર્યંત અથવા છાતી કે કંઠ પર્યંત પાસ દેવાથી પણ કામ ચાલી જશે. આ બધી વાતનું તમોને આ પ્રયોગનો અભ્યાસ કરવા પ્રવૃત થવાથી પોતાની મેળેજ જ્ઞાન થઇ જશે.

૧૬. તમે પાસ દેઇ રહ્યા હો, પાત્રનું શરીર લાકડાના જેવું થઈ ગયેલું માલુમ પડતું હોય, હાથ પગ કદાપી તમે ઉંચકાવીને છોડી દોછો તો જરા પણ ટટાર રહ્યા વીના જલદીથી લાકડાની માફક પડી જતા હોય, કંઠ ઘુરઘુર થતો હોય, શ્વાસ ઘણોજ અથવા સ્તબ્ધ થઇ ગયો હોય તો તમે હવે કોઇ બીજા માણસને કહો કે તે પાત્રનું નામ લેઇને બોલાવે. જો કદાપી પાત્ર એના બોલાવવાથી બોલેતો પુનઃ પાસ દેવા શરૂ કરો. જ્યારે પાત્ર બીજાનું ન બોલે કેવળ તમારા બોલાવવાથી બોલે ત્યારે જાણવું કે હવે આપણો ધારેલો કાર્ય થઈ ગયો.

૧૭. જો કદાપી તમારા બોલાવ્યાથી પણ પાત્ર ન બોલેતો જાણવું કે પાત્ર ઘોર નીદ્રામાં છે. હવે એને તે નીદ્રામાં જગાડશો નહિં, થોડી વાર પર્યંત સુઇ રહેવા દો ત્યાં પર્યંત તમે પણ થોડો વિશ્રામ લેઇ ફરી કાર્ય કરવા સાવધાન થાઓ.

૧૮. હવે બે ચાર નિવર્ત્તક પાસ દેઇને પૂછજો પાત્ર બોલે તો જાણવું કે હવે તેને સ્વપ્નાવસ્થા પ્રાપ્ત થઇછે.

૧૯. તમે પ્રથમ પાત્રને એવો પ્રશ્ન કરો કે પ્રયોગ એને અનુકુળ છે કે નહિં અથવા પ્રયોગની રીતીથી ઉત્તમ પ્રયોગ રીતી બીજી તે કોઇ બતાવવા શક્તિમાન છે. એની શું શું કરવાની શક્તિ છે તે પોતે કેટલીવાર પર્યંત આ અવસ્થામાં રહેવાથી શાંત નહિં થશે ઇત્યાદિ પ્રશ્ન કરો.

૨૦. સંતોષદાયક ઉત્તર પ્રાપ્ત થવાથી પાત્રના કહેવા પ્રમાણે જે કાર્યની શક્તિ તેને હોય તે પ્રમાણે વર્તો.

આ એક પ્રકારની પ્રયોગ વિધિ તમોને માલમ પડી ગઇ હવે તે પ્રયોગ ફળિભૂત કાર્યનું વર્ણન કરવાનો આરંભ કરીએ છીએ. જે પાત્રને તમે ઉપર મુજબ મુર્છાંગત અને સ્વાધિન કરેલો છે તે હવે તમારી સ્વતંત્રતાને આધિન છે, તમારીજ આજ્ઞામાને છે. તમારી વાત ઉપરજ વિશ્વાસ કરે છે; અને આજ પરિક્ષા ને લોકો એક પ્રકારનો ખેલ કરી હાંસી કરે છે. જેવી રીતે કે તમે તમારા પાત્રથી કહો કે " તારાં કપડાં સળગે છે " તો તુરતજ તે સાચુ માની ગભરાઇ જશે, અને પોતાના કપડાં બુઝાવવાની ચેષ્ટા કરતો માલમ પડશે. તમે કદાપી કહેશો કે તું નદી અથવા તળાવમાં ડુબી ગયો છું, તો તુરતજ તે તરવાની ચેષ્ટા કરશે. તમે એકાદા કપડા ઉપર એને બેસારીદો અને કહો કે તું આ કપડા ઉપરથી ઉતરી નથી શકતો તે પણ કદાપી પણ ઉઠી નહીં શકે તમે એના હાથમાં માટી આપીને કહો કે એતો સાકર છે તો તેને સાકરની પેઠે મીઠાશથી ખાઇ જશે તમે તેના હાથમાં પતાસુ આપીને કહો કે એતો મીઠું છે તો તે તેવીજ રીતે પોતાનું મુખ બગાડશે. જેવી રીતે ખારૂં મીઠુ ખાવાથી થાય છે, એમજ નથી કે

તમારા કહેવા ઊપર વિશ્વાસ માત્રથી તે અવી ચેષ્ટા કરે છે, પરંતુ તમારી એને એની સર્વે શક્તિઓ એક થઈ જશે તમે ગળ્યું સ્વાદિષ્ટ ખાશો તો એને સ્વાદિષ્ટ લાગશે. તમે મરચુ ખાસોતો તેને તીખુ લાગશે તમને કીડીનો ચટકો લાગવાથી તરતજ તેને કષ્ટ થશે. એની આંખો બંધ હશે તોપણુ તે તમારી આંખેથી દેખશે. તમે હાથમાં ઘડીઆળ અથવા બીજુ એવું કોઇપણ પદાર્થ લઇ ગુપ્ત રાખી તેને પુછશો તો તેનું યથાર્થ વર્ણન કરશે જે ભાષા પાત્ર ના જાણતું હોય પણ પ્રયોકતા જાણતો હોય અને તે ભાષાનું પુસ્તક પોતાની આંખેથી દેખતો રહેવાથી પાત્ર તે સઘળું ભણી જશે.

(क) તમે કદાપી એને કહો કે તું અમુક હોલની અંદર જા, જો ત્યાં મેજ ઊપર શી ચીજ પડી છે? અને પરોક્ષ દર્શિતા હશે તો તે બરાબર કહેશે નહીતો પ્રયોકતાના મનની અંદર જે વીચારો હશે તેજ કહી ચાલ્યો જશે.

(ख) જ્યારે એ હોલની અંદરનો હાલ યથાર્થ કહી શકે ત્યારે તો તમે તેને બીજા શેહેરની અંદર પણ મોકલી શકશો. તે ત્યાંનો પણુ હાલ યથાર્થ કહેશે.

(ग.) જો કદાપી તે બીજા શેહેર પર્યંત જવાને અસમર્થ હશેતો નહિં કહીદેશે. જો તેને કદાપી બીજા કંઇ આધ્યાત્મિક બળની અપેક્ષા હશે તો તે તમને કહેશે કે આપ આ બીજુ કામ કરો જેવી રીતે અથવા તમારી આંગળીઓથી મારી આંગળીઓને જોડીદો, અથવા કોઇ મારા અથવા તમારા અંગમાં આવી રીતે ચાલના કરો. ઇત્યાદિ ઇત્યાદિ.

(घ.) જો કદાપી પાત્ર સદાચરણી અલંપટ, બ્રહ્મચારી અને

પ્રયોક્તા પણ તેવોજ હોય તો અનેક લોકોપકારમય અલૌકિક ઘટના કરી શકવાને સમર્થ થાય છે. જેવી રીતે કે " અમુક નામાભિધાન માણુસ મરી ગયો છે, તેનો મરણ સમયે કંઠ રૂદ્ધ હતો, તેનું ધન કયી દિશાના ખુણામાં કે જમિનમાં કેટલું નીચે છે" અથવા અમુક દસ્તાવેજ ગુમ થઇ ગયો છે, તે કોની પાસે છે. તેની સંવત તારીખ બતાવો " અથવા " અમુક પ્રકારનો દસ્તાવેજ કપટ કરી લખવામાં આવ્યો છે તે લખાવામાં કોણ કોણ માણસો સહાય છે " અથવા " અમુક રોગી આરોગ્ય થશે કે નહિં ઇત્યાદિ.

(ङ.) આ વિદ્યામાં એવો અપૂર્વ ચમત્કાર છે કે પાત્રની મુગ્ધા અવસ્થામાં તમે તેના ઉપર જે અનુરોધ કરશો. જાગ્રતમાં પણ તેનો પાત્રના ઉપર અધિકાર રહેશે એનું ઉદાહરણ એવું છે કે કોઇ એક પ્રયોકતા એ દારૂડીઆ અને જુગારી લોકોના ઉપર બહુ કષ્ટોથી પ્રયોગ કરી તેમને તેણે કહ્યું કે. " તમે મદ્યપાન કદી ન કરો " " જુગાર કદી રમો નહિં " એવું કહેવા સમયે તેઓના પીતા માતા તથા મિત્ર લોકો હસતા કે " મારી મારી ને તેમની ખાલ પણ ઊખેડી નાંખી, બાંધી બાંધીને લટકાવવામાં આવ્યા ત્યારે તો મદ્ય અને જુગાર છોડો નહિં અને આજ બેહોશીમાં કહેવાથી શું થશે" પરંતુ જ્યારે પાછળથી તે બન્ને જગાડવામાં આવ્યા અને તેમને દારૂ પીવાનું તથા જુગાર રમવાનું કહેવામાં આવ્યું ત્યારે પહેલાની એવી દશા થઇ કે દારૂને દેખીને તે પોતાની આંખો મીચી દેવા લાગ્યો અને કદાપી કોઇ આગ્રહ કરી પાતોતો તેને વમન થઇ જતું કંઠથી નીચે નહોતુ ઊતરતું. અને બીજા જુગારીએ કદી જુગારનું નામ પણ ન દીધુ. આ ઊપરથી એવો નિશ્ચય થાય છે કે મુગ્ધા અવસ્થા-

માં જે કોઇ ઉપદેશ અથવા શિક્ષા પાત્રને આપવામાં આવે છે તેની અસર કેવળ શરીર ઉપરજ નહિં કિંતુ છેકજ મન બુદ્ધિ અને તેથી પણ આગળ સુધી થાય છે. અવશ્ય એ સમયે મન પણ લય થઇ જવાથી કેવળ આનંદમય કોશ રહે છે. અને તે શુદ્ધ સ્વરૂપછે માટે તે વખતે કરેલો નિર્દોષ ઉપદેશ પણ સ્થિર થઇ પુનઃ પછી તે પાત્રને બુરો કામ કરવા પ્રવર્ત્તક થવા દેતો નથી. આ અનુમાનનું બીજુ પ્રમાણ એ છે કે જો કદાપી તમે મુગ્ધાવસ્થામાં પાત્રને કોઇ બુરૂ કામ કરવાનો ઉપદેશ કરોતો તે કદાપી પણ નહિં માનશે અને કદી તેને મનાવવાનો વધારે આગ્રહ કરશો તો તેની સ્વપ્નાવસ્થા નહિં રહે, તેને ઘોર નિંદ્રા પ્રાપ્ત થઇ જશે અને તે તમારો એક શબ્દ પણ સાંભળશે નહિં. અને આગળ બીજી વખત ઉપર તમે તેના ઉપર પ્રયોગ નહી કરી શકશો. ધન્ય છે પરમેશ્વરને કે માણસને તેણે જેટલી અલૌકિક શક્તિ આપી છે તે પરોપકાર કરવાથી વધે છે અને જ્યારે અપકાર કરવાનો વિચાર કર્યો ત્યારે નષ્ટ થઇ ગઇ. જો એમ નહીં હતું તો લોક લોભ ક્રોધ સંકુલ સંસારમાં કેવળ માનસિક શકિતથીજ માણસને માણસ મારી નાંખત!

હવે તમારે પાત્રને જગાડવાની બીજી પણ ક્રિયા જાણવી જોઇએ, પરંતુ તે કંઇ કઠીણ નથી. "નિવર્ત્તક" પાસ દેવાથી તે થશે. જેવી રીતે પહેલાં તમે ઉપરથી નીચે પાસ દીધેલા હતા હવે એથી ઉલટું નીચેથી ઉપર પાસ દેતા જાઓ. હવે તમારે આટલું સમજી લેવું બસ થશે કે હવેથી તમારી આંગળીઓ નીચે થશે અને હથેલી પાત્રના તરફ, અને બંન્ને કનિષ્ટિકા મળેલી હશે તેવી રીતે પગથી માથા તરફ પાસ દેતા ચાલ્યા જાઓ, પરંતુ ખુબ સાવધાન

રહો કે પ્રવર્તક પાસ ન લાગી જાય. એ માટે તમને પુનઃ સમજાવીએ છીએ કે માથાની પાસેથી બન્ને હાથો અલગ કરી મુઠી વાળી બંન્ને ખભાથી નીચે પગ પર્યંત લેઇ જઇ ત્યાં મુઠી ખોલી પછી પ્રથમની પેઠે પાસ દેઇને શીર પર્યંત લેઇ જાઓ; અને ફરી એવીજ રીતે પાછું કરો એ સમયે પણ તમોને એમ જણાય કે પગની પાસથીજ પાસ દેવા આવશ્યક નથી તો નાભિથી વા વક્ષસ્થળ પાસેથી પાસદેવા શરૂ કરવા. અથવા કંઠથી આરંભ કરી મસ્તક પર્યંત પાસ દેવા. વાત એટલીજ છે 'નિવર્તક પાસ" પ્રવર્તક પાસનું બરાબર ઉલટુ સ્વરૂપ છે.

પાત્રને મુગ્ધા અવસ્થામાંથી જાગૃત કરવાની કદી જલદી ન કરો. જગાડવાની પહેલાં તેને કહો કે "તેં જે કંઇ પહેલાં દેખ્યું છે તે સરવે ભૂલી જા" એમ કહી નિવર્તક પાસ દેવા લાગો. જો કદાપી ભૂલવાની આજ્ઞા આપ્યા વિના જગાડશો તો તે પાગલ થઇ જશે અથવા તેને બીજો કોઇ પણ માનસિક રોગ થઇ જશે.

કોઇ કોઇ દિવસ એવું થાય છે કે પાત્ર જાગૃત થવા ચહાતું નથી. જો તેમ હોય તો તેને આગ્રહ પૂર્વક જગાવશો નહિં, તેમજ તેના મનની અંદર કંઇ ભય પણ ઉપજાવશો નહિં કેમકે તમારે યાદ રાખવું કે તમારા તરફ ભય ઉપજાવવાથી તેને ઘણુંજ કષ્ટ થશે તેમજ વખતે મૃત્યુ થવાનો પણ સંભવ રહે છે એટલા માટે તમારે ધીર અને ગંભીર ભાવથી કાર્ય કરવું. તમારા જાગૃત કરવાથી પાત્ર જાગૃત ન થાય તો તેને સ્વચ્છંદ સુઇ રહેવા દો. કેટલાક સમય પછી ફેર જગાડવો. મારા એક મિત્રને એક સમયે એવો યોગ થયો કે એમનું પાત્ર લગભગ ૨૯ ઓગનત્રિશ કલાક પર્યંત ઉંઘમાંજ રહ્યું.

આવી રીતે તમને પ્રયોગ કેમ કરવો તે માલમ પડી ગયું, વિ-
સેષ એટલુંજ કે આ વિધા આનુ ભાવિક છે, તે કરવાથી એના અ-
નેક ભેદ ખુલશે છે જે ભેદો પુસ્તકદ્વારા લખી સમજાવી શકતા નથી.

છેવટે તમને એ પણ સમજાવવું આવશ્ય કેછે કે જેવી રીતે
પ્રયોકતા પોતાની શકિત ઉત્પન્ન કરી પ્રયોજ્યને યોગ નિદ્રા ઉત્પન્ન
કરે છે, એવીજ રીતે કેવળ પ્રયોજ્યનાજ શરીરની શકિત સંગ્રહ
કરીને અને મુગ્ધ કરવામાં આવે છે. એનો પણ કાંઇક પ્રકાર તમા-
રા નજર આગળ મુકવામાં આવે છે.

૧. એક નવ વરસના છોકરાને સ્નાન કરાવી, ફુલની માળા
પેરાવી ઉષ્ટાસન (ઐજાંગ)થી ઉત્તરાભિ મુખથી બેસાડવો. અને
એના સામે એક મોટી ચોકી ઉપર એક મોટો આયનો (જે બે ફુ-
ટથી કમ ન હોય) રાખો, એવી રીતે કે જેમાં પાત્ર પોતાના મુખને
બરોબર જોઇ શકે. હવે તમે પાત્રની પાછળ રહીને એને આયના-
માં પ્રતિબિંબિત પોતાના નેત્રના તારાઓને એકાગ્રભાવથી દેખ-
વાનું કહો. જ્યારે અનુમાન લગભગ વીશ મિનીટની પાસે
આવે ત્યારે તમે પશ્ચિમાભિ મુખથી ઉભા રહીને પોતાના બન્ને
હાથોને (પ્રવર્ત્તકપાસજ) પાત્રના મુખથી ઉતારીને છાતી પર્યંત લા-
વીને આયના પર્યંત લેઇ જાઓ. થયું. થોડીજવાર એને યોગ નિંદ્રા
ઉત્પન્ન થઇ જશે.

૨. કેટલાએક પ્રયોકતાઓ એવી રીતે કરે છે કે એક જસ-
તનું ચક્ર (જે દોઢકે બે ઇંચના વ્યાસનુ થાય છે. કિંચિત મૃદુ હોય
એના બરોબર મધ્ય ભાગમાં એક ત્રાંબાનું નાનુ શું ચક્ર જડેલું
રહે છે, એને કોઇ માણસની જમણી હથેલી ઉપર રાખી દેછે, અ-

ને તેથી (જેના હાથ ઉપર એ ચક્ર રાખેલું છે) એ ત્રાંબાના નાના ચ-ક્ર ઉપર દ્રષ્ટિ સ્થિર કરવાનું કહે છે. જ્યારે તે પંદરવિસ મિનીટ પ-ર્યંત એને જોઇ રહેછે ત્યારે પોતાના બન્ને અંગુઠાથી તેની બન્ને આંખો બંધ કરવામાં આવે છે અને પાપણને હલાવે છે અને બ-ન્ને મુઠી એવી રીતે બંધ કરે છે જેમાં બન્ને તર્જની (અંગુઠાની પાસેની) આંગળીઓ ખુલ્લી રહે. એને બંધ કરેલી બન્ને પલકોની પાસે લેઇ જઇને કેટલીક વાર રહીને વિદ્યુત શક્તિનો સંગ્રહ કરે છે પછી તેને કહેછે " હવે તમો ખોલી શકતા નથી ? જો તે ખો-લી દેતો ફેર પ્રયોગ કરેછે. એમ છતાં પણ જો ખોલી દેતો બીજા પા-ત્ર ઉપર પરિક્ષા કરી જુવે છે જ્યારે એ ન ખોલી શકે ત્યારે બે ચાર પાસ દેઇને એને યોગનિદ્રા પ્રાપ્ત કરાવી દેછે.

૩. કોઇ બાળકના નખ ઉપર શાહી લગાડીને એના ઉપ-ર દષ્ટિ સ્થિર કરાવીને પણ એ દશાને પાત્ર કરાવે છે.

૪. દીવાની શિખા ઉપર દૃષ્ટિ સ્થિર કરાવીને પણ આ દશા પ્રગટ થાય છે. કારણ એતું એવું છે કે પ્રકાશવાન અને કાળી ચમ-કદાર વસ્તુમાં વિદ્યુત શક્તિ રહેછે એટલુંજ નહિં પરંતું બીજુ કો-ઈ સુક્ષ્મ વસ્તુ ઉપર દ્રષ્ટિ સ્થિર કરવાથી મનએકાગ્ર થાય છે. અને આ તરફ વિધુતનું આકર્ષણ થાય એટલે જલદીજ યોગ નીદ્રા પ્રગટ થાય છે.

તાત્પર્ય એકે આપણા દેશમાં જે નિયમ પ્રચલિત છે તે સર્વે આનાંજ રૂપાન્તરમાત્ર છે.

એનો ઉત્તમ પ્રકાર એ છે કે પાત્રને પ્રતિક્ષા કરવી ન પડે, પરાધિન રહેવું ન પડે, પોતાની ઉપર પોતે પ્રયોગ થઇ જાય, પો-

તાની યોગનીદ્રાનું સ્વપ્ન પ્રાપ્ત થઈ જાય, પરંતુ એ એટલું તો કઠિણ છે કે અત્રુસુધી સમજવું ઘણું અસંભવ છે. વાત તો એટલીજ છે મન એકાગ્ર થવાથી તમને ત્રિકાળ દર્શિતા, પરોક્ષ દર્શિતા સર્વે પ્રાપ્ત થાયછે. કેમકે "परोहि योगो मनसःसमाधिः" આવી રીતે "મિસમેરિઝમના યોગનો એક મનોહર ચુટકો તમને સમજાવ્યો. આ વિષયમાં અધિક અગ્રેસર થવાથી અંગ્રેજી યોગ માર્ગમાં પદાર્પણ કરવાનો અધિકાર થાય છે. યોગનું તત્વ સવિસ્તર વર્ણન કરવું આ નાનકડા પુસ્તકનો ઉદ્દેશ નથી અતઃ આ પ્રકરણને અહીં સમાપ્ત કરીએ છીએ.

દ્વિતિય ભાગ.

ભૂત વિદ્યા (સ્પ્રિચુઅલિજમ્)

આ પણ ઓગણીસમી સદીની એક ચમત્કાર વિદ્યા છે, જેવો મને મિસમેરિઝમનો થોડો ઘણો અભ્યાસ છે તેવો આ વિષયની અંદર કંઈ અભ્યાસ નથી પરંતુ એક બે વખત તે સંબંધી ચક્ર દેખવામાં આવ્યું છે અને પુસ્તકો પણ દેખવામાં આવેલાંછે. એવી રીતે કંઈ દેખવાથી અને જોવાથી આ વિષય સંબંધી સૂચના અત્રે લખવામાં આવી છે.

૧. આ વિદ્યા ચક્રદ્વારા સિદ્ધ થાય છે.

૨. ચક્રની એવી રીતિ છે કે—ચાર માણસ ચક્રમાં બેસવાવાળાં અથવા તેથી વધારે સાત આઠ માણસો હો પરંતુ ચારથી કમ માણસો ન હોવાં જોઈએ.

૩. એવી રીતે ચક્ર બનાવવું જોઇએ કે સમાનમનવાળા ચક્ર ધારીઓ તથા પવિત્ર અને એકાંત સ્થાન નિર્વિઘ્ન હોય.

૪. પ્રથમ સારો ઉત્તમ પ્રકારનો ધૂપ કરી ઘરને ઉત્તમ અને દિવ્ય બનાવવું.

૫. રાત્રીને વિશેજ ચક્ર કરવું ઠીક પડશે.

૬. જો કદાપી બેઠક ખુરશીઓની રાખી હોય તો વચમાં એક ટેબલ રાખીને સર્વે લોકોએ એની ચારે બાજુએ બેસવું.

૭. જો કદાપી પૃથ્વી ઉપર બેસવાનું—થાય તો નાનકડી ચોકીજ વચમાં કામ આવશે.

૮. સર્વે ચક્રમાં બેસનારાઓએ પોતાના બન્ને હાથો આ ગર્ભ્યમાં રાખેલી ચોકી ઉપર મૂકવા જોઇએ. તે પણ એવી રીતે કે પ્રત્યેકનો ડાબો હાથ પ્રત્યેકના જમણા હાથ ઉપર રહે. એવી રીતે સમસ્ત ચક્ર બંધાઇ જશે—તમારો ડાબો હાથ, તમારી ડાબી બાજુએ બેઠેલા માણસના જમણા હાથ ઉપર છે, એનો ડાબો હાથ એની ડાબી બાજુએ બેઠેલા માણસના જમણા હાથ ઉપરછે અને એનો ડાબો હાથ તમારી જમણી બાજુએ બેઠેલા મનુષ્યના જમણા હાથપર છે. જે તમારી જમણી બાજુએ બેઠેલો છે તેનો જમણો હાથ તમારા ડાબા હાથપર છે. એવી રીતે સર્વ ચક્ર બની ગયું. આ ચાર માણસના ચક્રની વાત કહી એવી રીતે તમે બાર માણસનું એક ચક્ર પણ બનાવી શકશો.

૯. આ ચક્રથી પરસ્પર સર્વેની વિદ્યુત શકિત સર્વના શરીરાંત ચારિણી થશે અને વિદ્યુત ચક્ર બની જશે.

૧૦. ઘણાક પ્રયોગકારો શિઘ્ર શકિત સંચાર થવા માટે વ-

અવશ્ય રાખેલી ચોકી ઉપર લોઢાનો તાર વર્તુલ (ગોળાકાર) જડી દેછે, અને હાથ રાખવાની મધ્ય રેખાએ તારને બનાવેછે.

૧૧. એવી રીતે હાથ રાખ્યા પછી પ્રથમ કોઈ પણ પ્રકારનુ મધુર ગાન થવું જોઇએ. જો તમારા ચક્ર માહેના કોઇ પણ પુરૂષને ગાયન ન આવડતું હોયતો હોલની બાહેર કોઇની પાસે સુંદર વાદ્ય વગડાવવું જોઇએ. વાદ્ય વગાડવા અને ગાવાનું તાત્પર્ય એ કે એનાથી સર્વેનાં મન શાંન્ત અને એકાગ્ર થાય.

૧૨. અનંતર એક દીવાસળીની પેટી પોતાની પાસે રાખી દીવો બુઝાવી દેવો જોઈએ જો લેપ હોયતો પ્રકાશ અત્યંત ક્ષીણ કરી નાંખવો જોઇએ.

૧૩. હવે સર્વ ચક્રગત માણસોએ એકનિષ્ટ થઇને સંકલ્પ વિકલ્પ છોડી શુદ્ધ મનથી એવું ચિંતવન કરવું જોઇએ કે કોઈ પરલોક ગત આત્મા અમારા ચક્રમંડળમાં આવે.

૧૪. કોઈનો પણ નામોદેશ કરીને જેમ " અમુક પુરૂષનો આત્મા આવે " એવું ચિંતવન કરવું જોઇએ કે, એવુ ચિંતવન કરવાથી અનિષ્ટ થાય છે. એટલું તો છે કે યત્ન કરતાં કરતાં ઘણાક પ્રયોગોમાં તમે ફતેહ પામો તે પછીતો અવશ્ય દૃઢ પૂર્વક પણ નામોદેશ કરી કોઇ પરલોક ગત આત્માને તમે બોલાવી શકવા શિકતમાન થશો.

૧૫. જો કદાપી ચક્રસ્થ સર્વે માણુસો જુદા જુદા આત્માની ભાવના કરશે તો કંઇ પણ કાર્ય સિદ્ધ થશે નહિં.

૧૬. જ્યારે તમારા ચક્રમાંના કોઈ માણુસ ઉપર આત્માનો આવેશ થવા લાગશે કે તુરતજ હાથ કાંપવા લાગશે, શ્વાસ દીર્ઘ થ-

શે અને ગળામાં ઘરઘર થશે.

૧૭. હવે તમારામાંથી એક માણુસે ચક્રનો ભંગ ન થાય એવી રીતે એટલે પોતાની બન્ને બાજુના માણુસોના બન્ને હાથ પોતાના ખભા ઉપર મૂકી હાથખલી કરી દીવો પ્રકાશિત કરવો.

૧૮. પછી તમે સર્વે ગળીને કંઇ પણ પ્રકારનું ગાન કરો અને પછી થોડો વિશ્રાગ લીધા બાદ પ્રશ્નકરો.

૧૯. પ્રચ્છક (પ્રશ્ન પૂછનાર) સચ્ચારિત્ર, નમ્ર અને મિષ્ટ ભાષી હોવી જોઇએ. બીજા કોઈ પણ વચમાં બોલવું ઉચિત નથી.

૨૦. પ્રથમથીજ મુખથી પ્રશ્નાભિલાષા ન કરતાં. કાગળ પેન્સીલ લેઇ, જેના શરીરમાં આત્મારોપણ થયું હોય તેના હાથમાં આપવાં જોઇએ. અને એવું કહો કે જો કદાપી આપ કોઇ પરલોકગત આત્મા હોયતો કૃપા કરીને ઉત્તર આ કાગળમાં લખશો.

પ્રથમમાંજ પ્રાય: આઠકે દશ લેખી ઉત્તર ગળેછે, અનંતર કંઇ પરિચય થવાથી સાક્ષાત મુખ ભાષણથી પણ ઉત્તર મળેછે. ઊત્તરમાં વિલંબ થાયતો ચપળતા કરી દેવી ન જોઇએ કેમકે આ કાંઇ બાળકોની રમત નથી આપણે એક પ્રકારની વિચારણિય વિદ્યા છે.

૨૧. કોઇ કોઇ સમયે કોઈ દુષ્ટ આત્માપાત્રના શરીરમાં પ્રવેશ કરી પાત્રને દુખ દેછે તેનો કાડી મુકવો જોઇએ.

૨૨. કાડી મુકવાનો ઉપાય એ છે કે દયાળુ અને દીનબંધુ પરમેશ્વરનું નામ કિર્તન કરવું અને પોકાર કરી તેના કાનમાં સંભળાવવું.

૨૩. જેવી રીતે દુષ્ટ આત્માના પ્રવેશથી પાત્રને કષ્ટ થાયછે તેવીજ રીતે સાધુ આત્માના પ્રવેશથી પાત્રને આનંદ પણ પ્રાપ્ત થાયછે.

૨૪. જો કદાપી પરલોક ગત આત્મામાં બેઠેલા માણસોનો હેર ફેર નહીં કરવો જોઇએ.

૨૫. જ્યાં સુધી કોઇ પણ આત્મા તમારા ચક્રમાં પરિચિત ન થઈ જાય—એ ચાર વાર ન આવી જાય, ત્યાં સુધી કઠિન પરિક્ષાનો પ્રશ્ન કરશો નહિં.

૨૬. ચક્રના અધિવેશન સમયે ચક્રથી ભિન્ન પુરૂષોએ ત્યાં નહીં બેસવું એજ ઉત્તમ છે. પરલોક ગત આત્માનો પ્રવેશ થયા પછી બીજા લોકને બોલાવી શકોછો.

૨૭. ચક્રમાં પોતપોતાનાં સ્થાન તથા ચક્રમાં બેઠેલા માણસોનો હેરફેર નહીં કરવો જોઇએ.

એક સમયે કેટલાક માણસોએ રચેલા ચક્રમાં ત્યાં પાત્રની અંદર પ્રવેશ થયેલા આત્માને અનેક પ્રશ્ન કરવામાં આવ્યા હતા અને એના ઉત્તરોમાં ઇશ્વર, જીવ, પ્રેમ, સાધન, સ્વર્ગ, નિરય:, પરલોક પ્રભૃતીનું ઘણું એક તત્વ જાણવામાં આવ્યું હતું પરંતુ તેને અપ્રાસંગીક જાણીને અત્રે લખવામાં નથી આવ્યું.

ઇતિ

॥श्रीहरिः॥

श्री.

परचुरण पुस्तकोनुं सुचि पत्र.

કીરતનની.

	કીમ્મત.	પોષ્ટ.
કાવ્યદોહન મોટું	૧-૪-૦	૩-૦
દયારામ કૃત.	૦-૧૨-૦	૩-૦
ઓછવ પદમાળા	૦-૪-૦	૧-૦
છોટમકૃત	૦-૬-૦	૧-૦
નરશી મેતાની હારમાળા	૦-૩-૦	૦-૬
રશીક કીરતનાવળી	૦-૧-૦	૦-૬
લાલ બાવાનાં પદ શંગ્રહ	૦-૧૦-૦	૧-૦
નીત્ય નેમના કીરતન	૧-૪-૦	૩-૦
ધોળ સંગ્રહ	૧-૪-૦	૩-૦
પ્રભાતીઆં	૦-૧-૦	૦-૬
મહીના શંગ્રહ	૦-૧-૦	૦-૬
ગ્યાન ઉપદેશ	૦-૨-૦	૦-૬

પ્રાકૃત તથા વૈષ્ણવ ધરમના.

પાંડવા આસ્વમેધ	૧-૪-૦	૨-૦
એકાદશી માહાત્મ	૦-૧૨-૦	૨-૦
પ્રલ્હાદ કથા	૦-૪-૦	૧-૦
નળાઆખ્યાન	૦-૪-૦	૧-૦
ધ્રુઆખ્યાન	૦-૩-૦	૦-૬

	કીમ્મત.	પોષ્ટ.
ઓખાહરણ	૦–૪–૦	૧–૦
ચક્રાવો	૦–૫–૦	૧–૦
ગીરધરકૃત. મોડું	૪–૦–૦	૮–૦
ગીરધરકૃત નાનું	૧–૦–૦	૪–૦
ગીરધરકૃત કૃષ્ણ ચરિત્ર દશમ	૮–૦–૦	૮–૦
રામ આસ્વમેધ	૧–૪–૦	૩–૦
શુરેખાહરણ	૦–૫–૦	૦–૬
ચંડીપાટ	૦–૮–૦	૧–૦
સુધનવાઆખ્યાન	૦–૪–૦	૧–૦
રામાયણનાં ચંદ્રાવળાં	૦·૧૨·૦	૨–૦
શીવરાસ સંગ્રહ	૦–૮–૦	૧–૦
પંડવાની ભાંજગડ	૦–૨–૦	૦–૬
જાળંધર આખ્યાન	૧–૪–૦	૨–૦
તુલશીવીવા	૦–૨–૦	૦–૬
અંગદવીષ્ટી	૦–૪–૦	૦–૬
લવકુશ આખ્યાન	૦–૨–૦	૦–૬
પ્રેમસાગર ગુજરાતી	૩–૮–૦	૩–૦
દસમ ભાગવત: રતનેસ્વર	૪–૦–૦	૬–૦
વૈષ્ણવનાં નીત્યનીમ	૦–૧–૦	૦–૬
જ્ઞાંનમાળા ગુજરાતી	૦–૨–૦	૦–૬

વૈષ્ણવના ગ્રંથ ગુજરાતી ટીકા સાથે.

બાવીશગ્રંથ સટીક	૧–૪–૦	૨–૦

	કીમ્મત.	પોષ્ટ.
ભાગવતસાર શટીક	૧-૦-૦	૩-૦
રામરક્ષા શટીક	૦-૧-૦	૦-૬
નારાયણકવચ સટીક	૦-૧-૦	૦-૬
વીષ્ણુશહસ્ત્રનામ સટીક	૦-૫-૦	૦-૬
પાંડવગીતા સટીક	૦-૨-૦	૦-૬
રામગીતા સટીક	૦-૨-૦	૦-૬
ધર્મપ્રકાશ શટીક	૦-૪-૦	૦-૬
ભાગવતસાર સટીક ટાઇપનો	૦-૮-૦	૧-૬
સીધાંતરહશ સટીક	૦-૩-૦	૦-૬
કૃષ્ણઆસ્રય શટીક	૦-૩-૦	૦-૬
ગીતા સટીક મોટી	૫-૦-૦	૩-૦
ગીતા સટીક	૦ ૧૧ ૦	૧-૬
ગીતા સટીક	૦-૪-૦	૦-૬
ગંગાલહેરી સટીક	૦-૨-૦	૦-૬
ભરથરી સતક સટીક ત્રણે ભાગ સટીક	૧-૪-૦	૨-૬
વૃદ્ધચાણાખ્યાન સટીક	૨-૦-૦	૦-૬
વીદુરનીતી સટીક.	૦-૮-૦	૧-૦
જસુરામ કૃત રાજનીતી	૦-૬-૦	૦-૬
શુખરંભાશંવાદ સટીક	૦-૧-૦	૦-૬
મહીમન સટીક	૦-૧-૬	૦-૬
વલભાઆખ્યાન સટીક	૦-૧-૦	૦-૬
હીજહારનીક સટીક	૦ ૧૨ ૦	૧-૦

	કીમ્મત.	પોષ્ટ.
ધર્મસીંધુ સટીક	૬—૦—૦	૮—૦
ચંડીપાટ સટીક	૧—૮—૦	૨—૬
સીવકવચ સટીક	૦—૧—૬	૦—૬
આદીતરદે સટીક	૦—૪—૦	૦—૬
મણીરત્ન માળા મોટી	૧—૮—૦	૩—૦
મણીરત્ન માળા સટીક	૦—૧—૦	૦—૬
શીવપુરાણ સટીક	૪—૦—૦	૬—૦
દસમભાગવત સટીક	૪—૮—૦	૬—૦
ગરૂડપુરાણ સટીક	૧—૪—૦	૩—૦
એકાદશી માહાત્મ સટીક	૧—૪—૦	૩—૦
ડાંગોપાખ્યાન સટીક	૦—૮—૦	૨—૦
સૌપ્તિક પર્વ સટીક	૧—૦—૦	૨—૦
જનમાષ્ટમી સટીક	૦—૨—૦	૦—૬
સત્યનારાયણ પાંના સટીક	૦—૫—૫	૦—૬
સ્વર્ગા રોહણી સટીક	૧—૦—૦	૨—૦
સત્યનારાયણ બુક સટીક	૦—૩—૦	૦—૬
પુરષોતમ મહાતમ સટીક	૧—૪—૦	૩—૦
સ્વરોદય સંગ્રહ ગુજરાતી ટીકાનો	૦—૪—૦	૦—૬

હરગોવનદાસ હરજીવનદાસ પારેખ.

પુસ્તકવાળા.

મુ. અમદાવાદ ગ્રંથોદય પ્રેસ.

તથા બુકસેલર માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

મુ. અમદાવાદ ત્રણ દરવાજા.